# સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ



## સુસ્વાગતમ







માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને ચેરમેનશ્રી બી. એચ. ઘોડાસરા દ્વારા તૈયાર કરવામાં આવેલ બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ અંગે માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામા તા. ૦૯/૦૮/૨૦૧૮ની મીટીંગમાં મંજુર થયેલ યોજનાઓની વિગતો.

# સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ



GUEEDC

GUJARAT UNRESERVED
EDUCATIONAL & ECONOMICAL
DEVELOPMENT CORPORATION

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



- શ્રી બી. એચ. ઘોડાસરા -અધ્યક્ષ
- શ્રી વિમલ ડી. ઉપાધ્યાય -ઉપાધ્યક્ષ
- શ્રી રૂપિન પચ્ચીગર -સભ્ય
- શ્રી કરણસિંહ ચાવડા -સભ્ય
- શ્રી હિમાંશું ખમાર -સભ્ય
- શ્રી જગદીશ ભાવસાર -સભ્ય
- શ્રીમતી અમીબેન પરીખ -સભ્ય

- શ્રી કમલેશ જી. શાહ -મેનેજીંગ ડિરેકટર

# યોજનાઓ

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



**(૧) યોજનાનું નામ : શૈક્ષણિક અભ્યાસ યોજના**

- **યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:**

- રાજયમાં ચાલતા મેડીકલ, ડેન્ટલના સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, વ્યવસાયિક અભ્યાસક્રમો, ઇજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, આર્યુવેદિક, હોમીયોપેથી, ફિઝીયોથેરાપી, વેટરનરી વગેરે સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, નર્સિંગ (સ્નાતક કક્ષાના) વગેરે અભ્યાસક્રમો માટે (હાયર એજ્યુકેશન જેવા કે બીબીએ, બીકોમ, બીએસસી, બીએ વિગેરે સિવાય,) **સમગ્ર અભ્યાસક્રમની કુલ ટ્યુશન ફી** અથવા રૂ.૧૦.૦૦ લાખ તે બે પૈકી જે ઓછું હોય તે પ્રમાણેની **લોન ૪ ટકાના સાદા વ્યાજે** નિગમ તરફથી આપવામાં આવશે.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



- લાયકાતના ધોરણો: ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.
- વ્યાજનો દર : વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ
- આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.3.00 લાખ કે તેથી ઓછી.
- અરજદાર બિન અનામત વર્ગના હોવા જોઇએ.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



(૨) **યોજનાનું નામ :** વિદેશ અભ્યાસ લોન

- **યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:**
- ધોરણ-૧૨ પછી M.B.B.S માટે, ડિપ્લોમા પછી ડીગ્રી માટે, સ્નાતક પછી અનુસ્નાતક માટે, અને રિસર્ચ જેવા ટેકનિકલ, પેરામેડીકલ, પ્રોફેશનલ વગેરે જેવા કોઇપણ પ્રકારના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુલ રૂ.૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લોન નિગમ તરફથી આપવામાં આવશે.
- **લાયકાતના ધોરણો:** ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.
- **વ્યાજનો દર :** વાર્ષિક ૪ ટકા લેખે સાદુ વ્યાજ.
- **આવક મર્યાદા :** કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ કે તેથી ઓછી.

(3) **યોજનાનું નામ** : ભોજન બીલ સહાય

- **યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:**

- બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેકનીકલ, પેરા મેડીકલમાં અભ્યાસ કરતા હોય અને પોતાના પરિવારથી દુર પોતાના તાલુકામાં શૈક્ષણિક વ્યવસ્થા ન હોય અને તાલુકા બહાર રહી અભ્યાસ કરતા હોય તેવા સરકારી / અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે **માસિક રૂ.૧૨૦૦/-** લેખે **ભોજનબીલ સહાય** મળવાપાત્ર થશે.
- કોઇ પણ સમાજ /ટ્રસ્ટ /સંસ્થા દ્વારા સંચાલીત કન્યા છાત્રાલયોમાં રહીને **ધો. ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને** પણ ઉપર મુજબની ફુડ બીલ સહાય મળવાપાત્ર થશે.

- **આવક મર્યાદા** : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. 3.00 લાખ કે તેથી ઓછી રહેશે.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



(૪) **યોજનાનું નામ :** ટયુશન સહાય

**યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:**

- બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં ૭૦ ટકા મેળવેલ હોય અને ધોરણ-૧૧, ૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/- ટયુશન પ્રોત્સાહક સહાય આપવામાં આવશે.
- કોઈપણ સમાજ / ટ્રસ્ટ /સેવા ભાવી સંસ્થા દ્વારા સંચાલીત ટયુશન/કોચીંગ ક્લાસમા અભ્યાસ કરતા લાયકાત ધરાવતા વિધ્યાર્થીઓને ઉપર મુજબની સહાય મળવાપાત્ર થશે.

- **લાયકાતના ધોરણો:** ધો-૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ.
  - દરેક વર્ષમાં માત્ર એક જ વાર સહાય મળવાપાત્ર થશે.

- **આવક મર્યાદા :** કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦૦ લાખ કે તેથી ઓછી.

**(૫) યોજનાનું નામ:** (JEE),ગુજકેટ(GUJCET),નીટ(NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય.

- **યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:**

- બિન અનામત વર્ગના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી મેડીકલ, એન્જીનીયરીંગમાં પ્રવેશ ની જરૂરી પરીક્ષાઓ જેવી કે જી (JEE), ગુજકેટ, નીટની તૈયારીના કોચિંગ માટે ધોરણ-૧૦માં ૭૦ ટકા હોય તેવા વિદ્યાર્થીઓને ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થાઓમાં કોચીંગ માટે વિદ્યાર્થી દીઠ **વાર્ષિક રૂ. ૨૦,૦૦૦/- અથવા ખરેખર ફી** એ બે પૈકી જે ઓછુ હોય તે કોચિંગ સહાય આપવામાં આવશે.

- **લાયકાતના ધોરણો:** ધો-૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ માર્કસ મેળવેલ હોવા જોઇએ.

- **આવક મર્યાદા :** કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. 3.00 લાખ કે તેથી ઓછી.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



**(૬) યોજનાનું નામ** : સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય

- **યોજનાનું સ્વરૂપ/સહાયના ધોરણો:**
- બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી(U.P.S.C), જી.પી.એસ.સી (G.P.S.C.) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-3, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ તથા ભારત સરકારના રેલ્વે, બેંકો વગેરેમાં થતી ભરતી પરીક્ષા માટે માન્યતા / પસંદ કરેલ સંસ્થાઓમા અભ્યાસ કરતા તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ રૂ. **૨૦,૦૦૦ અથવા ખરેખર ચુકવવાની થતી ફી** એ બે માંથી જે ઓછુ હોય તે સહાય તરીકે મળવાપાત્ર થશે.

- **લાયકાતના ધોરણો:** ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.

- **આવક મર્યાદા** : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. 3.00 લાખ કે તેથી ઓછી.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



**(૭) યોજનાનું નામ :** સ્વરોજગારલક્ષી યોજનાઓ

- **યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:**

- ૧. રીક્ષા, લોડીંગ રીક્ષા, મારૂતી ઇકો, જીપ-ટેક્ષી વગેરે સ્વરોજગારલક્ષી વાહનો માટે ઓનરોડ યુનિટ કોસ્ટ.
- ૨. ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટીક, ટ્રાવેલર્સ, ફુડ કોર્ટ વગેરે વ્યવસાય માટે વાહન જરૂરી સ્ટ્રક્ચર સહિત મેળવવા માટે ઓનરોડ યુનિટ કોસ્ટ
- ૩. વ્યવસાય જેવા કે કરીયાણાની દુકાન , મેડીકલ સ્ટોર, રેડીમેડ ગારમેન્ટ સ્ટોર, બુક સ્ટોર વગેરે કોઇપણ સ્વરોજગારલક્ષી વ્યવસાય માટે
- ઉપરોકત ત્રણેય યોજના માટે રૂ. ૧૦.૦૦ લાખ સુધી અથવા ખરેખર થનાર ખર્ચ એ બે પૈકી જે ઓછું હોય તે લોન પેટે વાર્ષિક ૫ ટકા ના **સાદા વ્યાજે** મળવાપાત્ર થશે. **મહિલાઓ માટે ૪ ટકાના સાદા વ્યાજે** લોન મળવાપાત્ર થશે.
- **આવક મર્યાદા :** કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦૦ લાખ કે તેથી ઓછી.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



(૮) **યોજનાનું નામ :** સ્નાતક તબીબ,વકીલ, ટેકનીકલ સ્નાતક માટે વ્યાજ સહાય.

- **યોજનાનું સ્વરૂપ/ સહાયના ધોરણો:**

- તબીબ, વકીલ, ટેકનીકલ સ્નાતક વગેરે માટે બિન અનામત વર્ગના લાભાર્થીઓ પોતાનું ક્લીનિક, લેબોરેટરી, રેડીયોલોજી ક્લીનીક કે ઓફિસ ખોલવા ઈચ્છે તો બેન્ક પાસેથી લીધેલ **રૂ. ૧૦.00 લાખ સુધીની લોન પર ૫ ટકા વ્યાજ** સહાય આપવામા આવશે.
- **આવક મર્યાદા :** કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.3.00 લાખ કે તેથી ઓછી.

- **લાયકાતનાં ધોરણો:.**

- ૧. વ્યવસાય માટે નિયમોનુસાર જરૂરી રજીસ્ટ્રેશન હોવું જોઈશે.
- ૨.અરજદાર ગુજરાતના ડોમીસાઇલ વતની હોવા જોઇશે. અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
- 3.અરજદારની ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇશે.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



**બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં માપદંડો**

**શૈક્ષણિક યોજનાઓ માટેના પાત્રતા અને ધિરાણના માપદંડ**

1. ગુજરાત રાજયની કોઇપણ શાળામાંથી ધોરણ-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ સાથે પાસ કરેલ હોવું જોઇએ.
2. જે તે અભ્યાસક્રમના સબંધિત કાઉન્સિલની માન્યતા પ્રાપ્ત હોઇ તેવા અભ્યાસક્રમ માટે લોન મળવા પાત્ર થશે.
3. અરજદાર ગુજરાતના ડોમીસાઇલ વતની હોવા જોઇએ અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
4. સંબધિત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યા અંગેનો પુરાવો રજુ કરવાનો રહેશે.
5. ધિરાણનો વ્યાજ દર વાર્ષિક ૪ ટકા સાદા વ્યાજ રહેશે. પ્રતિ વર્ષ જેટલુ ધિરાણ આપવામાં આવશે. તે મુજબ જ સાદુ વ્યાજ ગણવામાં આવશે.
6. લાભાર્થીને મેરીટના આધારે લોન આપવામાં આવશે.
7. અભ્યાસ વચ્ચેથી છોડી દેનાર કે ડીગ્રી ન મેળવી શકનારની લોન એક સાથે વસુલ કરવાને પાત્ર થશે તેમજ વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે નહી.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



- **શૈક્ષણિક યોજનાઓ માટેના પાત્રતા અને ધિરાણના માપદંડ**
- **જામીન / દસ્તાવેજ**

1. સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂ. ૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સધ્ધર જામીનનું જામીન ખત રજુ કરવાનું રહેશે.
2. સમગ્ર કોર્ષની લોનની કુલ રકમ રૂ. ૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
3. દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચ બ્લેન્ક ચેક આપવાના રહેશે.

- **લોનની પરત ચુકવણી**

1. **રૂ. ૫.00 લાખ સુધીની** કુલ લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૫ (પાંચ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં ભરવાના રહેશે.
2. **રૂ. ૫.00 લાખથી વધુની** લોનના કિસ્સામાં અભ્યાસ પુરો કર્યાના ૧ વર્ષ બાદ ૬(છ) વર્ષના એક સરખા માસિક હપ્તામાં ભરવાના રહેશે.
3. ભરપાઇ થતી લોનના નાણાં પ્રથમ વ્યાજ પેટે જમા થનારા ગણાશે.
4. લોન લેનાર નિશ્ચિત સમય મર્યાદા પહેલા પણ લોનની પરત ચુકવણી કરી શકાશે.

# ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ



## • સ્વરોજગારલક્ષી યોજનાઓ માટેના ધિરાણના માપદંડ

1. વાહન માટેની લોનની યોજનામાં અરજદાર પાસે પાકું લાયસન્સ હોવું જોઇએ.
2. મેળવેલ વાહન નિગમ તરફે ગીરો (હાઇપોથીકેશન) કરવાનું રહેશે.
3. વાહન મેળવ્યાના ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન ભરવાની રહેશે.
4. નાના વ્યવસાય લોન મેળવ્યાના ત્રણ માસમાં શરૂ કરવાનો રહેશે તથા વવ્યવસાય શરૂ કર્યા બાદ ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોનની વસુલાત કરવામાં આવશે.
5. લોનની કુલ રકમ રૂ. ૭.૫૦ લાખ કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સધ્ધર જામીનનું જામીન ખત રજુ કરવાનું રહેશે.
6. લોનની કુલ રકમ રૂ. ૭.૫૦ લાખ કરતા વધતી હોય તો તે કુલ રકમ જેટલી રકમની પોતાની અથવા અન્ય કોઇ સગા સબંધીની સ્થાવર મિલ્કત નિગમની તરફેણમાં ગીરો કરવાની રહેશે.
7. દરેક લોન લેનારે નિગમની તરફેણમાં સહી કરેલા પાંચ બ્લેન્ક ચેક આપવાના રહેશે.

- **સ્વરોજગારલક્ષી તમામ યોજનામાં નીચે મુજબની પાત્રતા પણ રહેશે.**

1. અરજદાર ગુજરાતના ડોમીસાઇલ વતની હોવા જોઇએ અને બિન અનામત વર્ગના હોવા જોઇએ.
2. અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે ૫૦ વર્ષ સુધીની હોવી જોઇએ.
3. ધિરાણનો વ્યાજ દર વાર્ષિક ૫ ટકા સાદા વ્યાજ **અને મહિલાઓ માટે** ૪ ટકા રહેશે. પ્રતિ વર્ષ જેટલુ ધિરાણ આપવામાં આવશે. તે મુજબ જ સાદુ વ્યાજ ગણવામાં આવશે.

# આભાર